નમસ્કાર ગાંધીનગર

પમરાટ

આપણા માટે બધા દ્દનામ એપ્રિલફૂલ છે,
જિંદગીનું જાણે બીજું નામ એપ્રિલફૂલ છે.
સૌને છેતરવાની વૃત્તિ માણસોના મૂળ માં
સાવ ખોટે ખોટું બસ બદનામ એપ્રિલફૂલ છે.
જેટલા એમા વસે છે એ બધાયે મૂર્ખ છે
દોસ્ત, આખું ઝંખનાનું ગામ એપ્રિલફૂલ છે.

હરદ્વાર ગોસ્વામી

પાથેય

- રમેશ ઠક્કર

હસતો તહેવાર...

એપ્રિલફૂલ હસીને હળવા થવાનું શીખવે છે..પણ એ અન્યના ભોગે ! કોયડો કે ઉખાણું પૂછ્યા પછી સામેની વ્યકિત જે રીતે ગૂંચવાય અને જવાબ જાણવા તલપાપડ થતો રહે એ જે મજા હોય છે એવો જ આનંદ કોઈકને મૂરખ બનાવી એની મર્યાદા ઉપર મિજબાની કરવામાં આવતો હોય છે..આમ જોઈએ તો એમાં પરપીડન હોય છે છતાં એને નિર્દોષ ગણવામાં આવે છે.! મૂર્ખ બન્યા પછીનો પ્રતિભાવ માણસના વ્યકિતત્વને ખુલ્લું કરે છે. એનાથી જો એ ભોંઠપ અનુભવે તો એ પરાભવ ગણાય પરંતુ પોતાની બાઘાઈ ઉપર જો ખડખડાટ હસીને એને સહજ સ્વીકારી શકાય તો માણસ મૂઠી ઉંચેરો સાબિત થતો હોય છે.

અન્યની મજાક કરવી કે એનો ઉપહાસ કરવો એ સરળ વાત છે.પણ એ જ મોરચો જ્યારે આપણી સામે મંડાય ત્યારે સ્વસ્થ રહેવાની ક્ષમતા દરેકમાં નથી હોતી..હસવું ઘણીવાર ખસવું પણ થઈ જતું હોય છે..નિર્દોષ મજાક મસ્તી અને નિખાલસ એકરાર અને પછી એકાકાર થઈ મળતો ઉલ્લાસ જીવનને નવો લય આપે છે..આવા તહેવાર કે ઉપક્રમ સહજ હોય ત્યારે જ એ શોભી ઉઠે છે.

માણસમાત્રમાં બાઘાઈ કે મૂર્ખાઈ પડેલી હોય છે. જાણે અજાણે એ વ્યકત થઈ જતી રહે છે..પોતાની કોઈ ભુલ કે અણઆવડત ઉપર હસી લેવું એ મોટી વાત છે..સામાન્ય રીતે માણસ પોતાની કોઈ મર્યાદા જાહેરમાં વ્યક્ત ના થઈ જાય એ માટે સતત ચિંતા કરતો રહે છે..એક માણસ હંમેશાં બીજા માણસ ઉપર છવાઈ જવાનો પ્રયત્ન કરતો રહે છે એ જ રીતે એ અન્યની કોઈ નબળી બાજુને ખુલ્લી પાડવા માટેની તાલાવેલી પણ ધરાવતો હોય છે..વ્યકિતનો પહેરવેશ, દેખાવ, રીતભાત, બોલચાલ કે એનો વ્યવસાય વગેરે બાબતોનો સંદર્ભ લઈ માણસ એકબીજાની ઠેકડી કરતો રહે છે..આ કદાચ આપણા સહુની મુળભુત વૃત્તિ છે..આજના જમાનામાં સોશિયલ મીડિયામાં થતું ટ્રોલિંગ કદાચ આ જ વૃત્તિનું વિસ્તરણ છે..

માણસને મૂર્ખ બનાવવામાં કે એને છેતરવામાં પણ એક પ્રકારનો આનંદ આવતો હોય છે..એ માટે નિર્દોષ રમૂજ મજાક મશ્કરી કરી આનંદ લઈ શકાય..પરંતુ આ બાબત જ્યારે વ્યકિતની કોઈ ગંભીર મજાક બની જાય ત્યારે એ અસહય બની જાય છે.માણસ રોજેરોજ કોઈકને બનાવતો રહે છે..એમાં સ્વાર્થ ઉપરાંત હળવો આનંદ મેળવવાની બાબત મુખ્ય હોય છે..આપણે દરેક બાબતના સ્પેશિયલ દિવસ રાખીએ છીએ..માણસને મૂર્ખ બનાવવાનો દિવસ એટલે પહેલી એપ્રિલ..જેને આપણે એપ્રિલફૂલ કહીએ છીએ..જયાં સુધી નિર્દોષ રીતે કોઈકની મજાક થાય ત્યાં સુધી આ દિવસ આનંદના પર્યાય જેવો બની જાય છે..પરસ્પર એકબીજાની મૂર્ખામી ઉપર હસી લેવું અને એ રીતે ઉલ્લાસ પામવો એ આ હસતા તહેવારની વિશેષતા છે...

ડોકટરોને આપઘાત કરવા મજબૂર તો ના જ કરશો

તંત્રીસ્થાનેથી...

આંતરરાષ્ટ્રીય 'ડૉકટર્સ ડે' ના દિવસે જ એક નિષ્ણાત ગાયનેકોલોજિસ્ટ ડૉ. અર્ચનાને આત્મહત્યા જેવું અંતિમ પગલું ભરવું પડે તે આપણા દેશની સામાન્ય પ્રજામાં પ્રસરી રહેલ સ્વકેન્દ્રિત સ્વાર્થવૃત્તિ અને વૈજ્ઞાનિક સમજણના સદંતર અભાવની પ્રતીતિ કરાવતી કરુણાંતિકા છે. રાજસ્થાનના લોકો ભલાભોળા ગણાય છે. ડૉકટરને તો તેઓ ભગવાન માનીને ચાલે છે. પરંતુ આપણી ભાષામાં કહેવત છે એમ, 'ગરજ સરી કે વૈદ વેરી' : સંસ્કૃત સુભાષિતમાં પણ વૈદ્ય પર તીખો કટાક્ષ છે : વૈદ્યરાજ નમસ્તુભ્યં યમરાજ સહોદર, યમસ્તુ હરતિ પ્રાણાન્ વૈદ્યઃ પ્રાણાન્ ધનાનિ ચ ! (યમરાજના હે માડીજાયા ભાઈ, તમને નમસ્કાર ! યમ તો ફક્ત પ્રાણ લઈ જાય છે, જયારે તમે તો પ્રાણ સાથે ધન પણ ઉશેટી જાઓ છો.)

ડૉકટર પાસે દરદી સૌથી પહેલી અપેક્ષા રાખે છે તે છે જીવનની. મરવા માટે કોઈ થોડું ડૉકટર પાસે જતું હોય છે ? એક પરંપરાગત શ્રદ્ધા લઈને માણસ એના દરદનાં પોટલા સાથે દવાખાને પહોંચે છે. એને ઊંડે ઊંડે આશા હોય છે કે સાજો થઈને ઘરે પાછો ફરીશ. એવી આશા મહદંશે ફળે પણ છે એટલે જ આપણા દેશની ભલીભોળી પ્રજા ડૉકટરના ખોળે માથું મૂકી દેવામાં સંકોચ નથી અનુભવતી. 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે !' - એ જાણીતી ભજન પંક્તિ મુજબ દરદી પોતાની જાત ડૉકટરને અભરામ નંદો સોંપી નિશ્ચિત બની જતું હોય છે. સામા પક્ષે ડૉકટર પણ એનાથી શક્ય તેટલા છેલ્લામાં છેલ્લા પ્રયત્નો કરી એને રોગમુક્ત કરી હસતા મોઢે વિદાય કરવા મથે છે. આખરે એને પણ ફક્ત પૈસા જ નહીં, જશ પણ ખપે છે. પરંતુ બધાં દરદી સાજાં નથી થઈ શકતા. કેટલાક અસાધ્ય દરદો આખરે દરદીનો જીવ લઈને જંપે છે. દરદીને કયારેક આવા નિશ્ચિત મરણની શક્યતાથી વાકેફ કર્યા વગર એની જિંદગી જેટલી સુવિધાપૂર્ણ રહે અને લંબાવી શકાય એટલી લંબાવવા ડૉકટરો એમની પાસેની ઉપલબ્ધ ઉલાજો યોજે છે. પરંતુ આવાં દરદીના મરણ સંદર્ભે એનાં સ્વજનોને સમયસર દરદની ગંભીરતા વિશે વાકેફ કરી દેવાના હોઈ કોઈ ઊહાપોહ નથી થતો. આજકાલ તો અન્ય વિકસિત દેશોની દેખાદેખીમાં આપણા દેશમાં પણ ફાઈવસ્ટાર હેલ્થ ઈન્ડસ્ટ્રી શરૂ થઈ છે અને છેક તાલુકા કક્ષાનાં નગરો સુધી પ્રસરી છે. પ્રાઈવેટ હોસ્પિટલો પણ આંતરરાષ્ટ્રીય ધોરણો જાળવવા પ્રયાસ કરે છે. સરકારે મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ જેવી યોજનાઓ શરૂ કરીને ઓછી આવકવાળા વર્ગોને પણ શ્રેષ્ઠ તબીબી સવલતો ઉપલબ્ધ કરાવવા પગલાં લીધા છે. કયારેક રાજસ્થાનમાં બની એવુ દુર્ઘટના બની જાય છે ત્યારે ડૉકટરોની માનવંતી જમાત અપમાનજનક સ્થિતિમાં મુકાઈ જતી હોય છે. ડૉ. અર્ચના પ્રતિષ્ઠિત ગાયનેકોલોજિસ્ટ હતાં. એમના હાથે જેની પ્રસૂતિ થઈ તે મહિલાનું વધારે લોહી વહી જવાથી મૃત્યુ થયું. એથી આવેશમાં આવી ગયેલાં પરિવારજનોએ ડૉકટર સામે પોલીસ કેસ કર્યો અને ઉત્સાહી 'એસપી' એ ૩૦૨ની કલમ સાથે એફઆઈઆર ફાડી દીધી ! આથી માનસિક રીતે પડી ભાંગેલી મહિલા તબીબે આત્મહત્યા કરી લીધી. એણે લખેલી સ્યૂસાઈડ નોટ હૃદય દ્રાવક છે. પ્રસૂતિ પછી કેટલીક માતાઓને વધુ પડતું લોહી વહી જવાની ઘટના - કોમ્પ્લિકેશન - જાણીતી છે. એથી મૃત્યુ પણ થઈ શકે છે. પોતાના જ્ઞાનક્ષેત્રમાં સુવર્ણચંદ્રક વિજેતા અને બાળકીની માતા ડૉ. અર્ચના કયારેક ન ઈચ્છે કે એનું દરદી ગુજરી જાય. પરંતુ દરદીનાં પરિવારજનોએ ડૉકટરને દરદીની હત્યારી માની લીધી, એટલું ઓછું હોય એમ પોલીસે પણ ડૉકટર સામે ૩૦૨ની કલમ લગાડી દીધી. સ્વાભાવિક રીતે જ પોલીસનું આ વલણ વખોડવાલાયક ગણાવું જોઈએ. આથી પીડિત ડૉકટરે કલંકિત જિંદગી કરતાં મોત વહાલું કરવાનો વિકલ્પ સ્વીકારીને દેશની તબીબી આલમ સમક્ષ પ્રજાના નકારાત્મક વલણનું વરવું અને બિહામણું ચિત્ર મૂકી દીધું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી સહિત બધાએ મરનાર તજજ્ઞ મહિલા ગાયનેકોલોજિસ્ટ પ્રત્યે સહાનુભૂતિ દાખવી છે પરંતુ એટલેથી અટક્યે નહીં ચાલે. સુપ્રીમ કોર્ટે ડૉકટરને સલામતી કવચ પૂરું પાડતો આદેશ કરેલો છે. રાજય સરકાર એન પોલીસ ઉપરાંત પ્રજાએ પણ આ મુદ્દે તબીબી આલમ પ્રત્યે સમ્માનજનક વ્યવહારની ખાતરી આપી ડૉ. અર્ચનાના બલિદાનનો બદલો ચૂકવવો જ રહ્યો.

એ પછી એ જરા વધારે "એલર્ટ" થઈ ગયેલો

સ-રસ

મમતા બુચ

છેલ્લા ઘણા દિવસોથી મને લાગતું તો હતું જ કે "મેરી પીઠકે પીછે કોઈ બડી સાજિશ રચી જા રહી હૈ" પણ કેમે ય કરીને પકડાતું નહોતું! અને તે ષડયંત્ર ય મારા જ ઘરમાં, મારા જ નાક નીચે? હું બહારથી આવું એટલે મા-દિકરો વાત કરતાં બંધ થઈ જાય, મારા સામે કોઈ દુશ્મન દેશની વ્યક્તિ ઘૂસી આવી હોય એવી સંદિગ્ધ નજરોથી તાકી રહે! એક વખત તો મેં એમની ગૂસપૂસ પણ સાંભળવાનો પ્રયાસ કર્યો હતો પણ વ્યર્થ! મને લાગતું કે સાલું, આ બે જણાંને 'રોલ્લમાં દાખલ કરી દેવાં જોઈએ! મજાલ છે કોઈની કે ભારતનો એક રાઝ પણ બહાર જાય!

એટલું તો હું સમજતો હતો કે દિકરો જુવાન થાય એટલે ચાલે ઓછું, ઊડે વધારે! પણ તો ય મને પ્રથમ ઉપર ભરોસો હતો કે મને સાવ અંધારામાં નહીં રાખે. પણ કઈંક ખબર પડે એવું તો કઈંક હોવું જોઈએ ને!

થોડા સમયથી પ્રથમ કોલેજેથી મોડો આવતો, આવીને પણ બહાર પાછો ચાલ્યો જતો, ફોન પર કલાકો સુધી વાતો કર્યા કરતો, વગેરે વગેરે, યૂ નો! એક વખત તો મેં એને એની કોલેજની બુકમાં કશુંક સંતાડતો પણ જોયેલો. મેં આ બાબતનો ખુલાસો માંગેલો ત્યારે એણે એમ કહીને ટાળી દીધેલું કે હવે એ મોટો થઈ ગયો છે અને આવી જાસૂસી એના પપ્પાને શોભતી નથી! મેં પણ એને કહી દીધેલું કે હા, જા, જાસૂસી, સત્તર વાર જાસૂસી! બાપ તરીકે એ મારું કર્તવ્ય પણ છે ને મારો હક પણ!

એ પછી એ જરા વધારે "એલર્ટ" થઈ ગયેલો. હું એના રૂમમાં પ્રવેશું એટલે એના ફોન બંધ થઈ જાય, એને ઊંઘ આવવા માંડે, એનું મોંઢું પડી જાય! શું હું નહોતો સમજતો આ બધા "ખેલ"નો અર્થ? શું અમે પણ યુવાનીમાં આવા પરાક્રમો નહોતાં કર્યાં! આ તો એક વાત થાય છે!

ટૂંકમાં, વાત જયારે મારા હાથ બહાર જતી લાગી ત્યારે મેં સ્મિતાને ચેતવી, "જો, સ્મિતા, પાની સરસે ઉપર જા રહા હૈ. આ બધું બરાબર નથી થઈ રહ્યું." જવાબમાં સ્મિતાના ચહેરા ઉપર આશ્ચર્યના ભાવો તરી આવ્યા, "હેં! ક્યાં પાણી સરથી ઉપર જાય છે? હમણાં તો પાણીનો પૂરવઠો કેટલો ઓછો આવે છે જૂનાં સેક્ટરોમાં! માંડ-માંડ તો નહાવાય છે! આ પ્રથમ તો પરમ દા'ડે કહેતો હતો કે એણે માંથામા સાબુ ચોળ્યો ને પાણી જતું રહ્યું! તે બચારો વીસ મિનિટ સુધી બેસી રહ્યો, બોલો!"

સ્મિતા ખરેખર બબૂચક હતી કે ન સમજવાનો ઢોંગ કરતી હતી એ હું સમજી ન શક્યો પણ મેં પછી એને દમદાર અવાજે કહ્યું, "તું મારી વાતને ઉડાડવાની કોશિશ ન કર. હું પ્રથમની વાત કરું છું. આજકાલ એના રંગઢંગ ઠીક નથી. ને તું ય એમાં ભળેલી છે કે નહીં એ મને ખબર નથી કારણકે માની નજરથી તો કઈં છૂપું રહે નહીં, પણ ટૂંકમાં, તું પ્રથમને ચેતવી દેજે કે ક્યાંય આડો-અવળો થયો તો મારા જેવો ભૂંડો કોઈ નહીં હોય!" જવાબમાં સ્મિતા હસી પડી, "એ તો આમે ય કોઈ નથી! પણ હું પ્રથમને પૂછી લઈશ." પણ તે પછી તો મા-દિકરાની ગતિવિધિઓ વધી ગઈ! એકની જગ્યાએ હવે બંને મને જોઈને "એલર્ટ" થવા લાગ્યાં!

ચારેક દિવસ પહેલાં હું હીંચકે બેસીને છાપું વાંચી રહ્યો હતો ત્યાં પ્રથમ આવ્યો, "પપ્પા, મારે તમને કંઈક કહેવું છે." "બોલ." એ થોડો હિચકિચાયો, "એટલેપ.છે ને.. મારા ક્લાસમાં એક છોકરી ભણે છે. બહુ સારી ને સંસ્કારી છોકરી છે." "હા, તે એનું શું?" દસ સેકંડના "પોઝ" પછી એ એટલું બોલ્યો, "કઈં નહીં, બસ, આટલું જ કહેવા આવ્યો હતો." કહીને એ જતો રહ્યો.

તે દિવસથી મેં મારાં ચક્કો ગતિમાન કરી દીધાં. મારી સમગ્ર જાસૂસીકળાને નિચોવી દીધી! એક દિવસ એ "સંસ્કારી છોકરી" મારા રડારમાં પકડાઈ ગઈ! વાત જાણે એમ બની કે પ્રથમ એના રૂમમાં વાંચવા બેઠો હતો ને રોજની મારી ટેવ મુજબ મેં એના રૂમમાં એન્ટ્રી મારી. બાકી તો કશું શંકાસ્પદ ન લાગ્યું પણ પ્રથમની ચોપડીમાંથી કશાકનો એક ખૂણો બહાર ડોકાતો હોય એવું લાગ્યું. હું એની તરફ આગળ વધ્યો એટલે એણે ઝપટ મારીને

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

- ૧૯૭૫ : ભારતીય રિઝર્વ બેંકની સ્થાપના.
- ૧૯૭૩ : પ્રોજેક્ટ ટાઈગર, વાઘ સંરક્ષણ કાર્યક્રમ, કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ભારતમાં શરૂ થયો.
- ૨૦૦૪ : ગૂગલે તેની નવી સેવા, જીમેઈલ જાહેર જનતા માટે શરૂ કરી.
- એપ્રિલ ફૂલ્સ ડે.

આજનું

ઔષધ

- કાળી દ્રાક્ષનો ઉકાળો પીવાથી પથરી ઓગળી જાય છે.

ખડખડાટ

- હું રેલવે સ્ટેશન પર ગાડી આવે તેની રાહ જોતો હતો...! ત્યાં એક ભાઈ રાડો પાડવા લાગ્યા. એ... કાશી બાનુ ચોરાણું... એ... કાશી બાનુ ચોરાણુ મેં કીધું એલા કાશી બાનું હું ચોરાણું. ઈ કે ભાઈ કાશીબાનું કાય નથી, ચોરાણું. ઈ તો હું ટેલીફોન નંબર દેતો તો.. ૮૧૯૨૯૪

આજનો

વોટ્સએપ

- આત્મવિશ્વાસ એ નથી કે તમને બધા પ્રશ્નના જવાબ આવડતા હોય, આત્મવિશ્વાસ તો એ છે કે તમે દરેક પ્રશ્નના જવાબ આપવા તૈયાર હોય...

ભારતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે ?

ભારતની ભૂગોળ

૧ કોલકાલી અને પરિચકાલી કયા પ્રદેશમાં લોકનૃત્ય છે?
(અ) લક્ષદ્વીપ (બ) આંદાબાર
(ક) દીવ (ડ) દમણ

૨ તેલક્ષેત્ર માટે જાણીતું દિગ્બોઈ કયા રાજયમાં આવેલું છે ?
(અ) નાગાલેન્ડ (બ) મિઝોરમ
(ક) અરુણાચલ પ્રદેશ (ડ) આસામ

૩ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ જયોગ્રાફી કયાં આવેલું છે ?
(અ) મેરઠ (બ) સિકંદરાબાદ
(ક) અરુણાચલ પ્રદેશ (ડ) લખનૌ

૪ ગુજરાતના કયા જિલ્લામાં ગંધાર તેલક્ષેત્ર આવેલ છે ?
(અ) આણંદ (બ) મહેસાણા
(ક) વડોદરા (ડ) લખનૌ

૫ કર્ણાટકમાં આવેલ જોગ (ગેરસપ્પા) નો ધોધ કઈ નદી પર આવેલ છે ?
(અ) શરાવતી (બ) કૃષ્ણા
(ક) કાવેરી (ડ) રેવતી

૬ વહાણો બનાવવા માટે કયું સ્થળ જાણીતું છે ?
(અ) અલંગ (બ) ચેન્નાઈ
(ક) સંજાણ (ડ) વિશાખાપટ્ટનમ્

૭ ભારતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે ?
(અ) રાજસ્થાન (બ) મહારાષ્ટ્ર
(ક) ગુજરાત (ડ) મધ્યપ્રદેશ

૮ કયા કેન્દ્ર શાસિત પ્રદેશમાં ફ્રેન્ચ ભાષા બોલાય છે ?
(અ) દીવ (બ) પોડીચેરી
(ક) આંદામાન (ડ) લક્ષદ્વીપ

૯ નેશનલ ડીફેન્સ એકેડમી કયાં આવેલી છે ?
(અ) લોનાવાલા (બ) ખડકવાસલા
(ક) દિલ્હી (ડ) પુના

૧૦ કયા શહેરને નવાબોના શહેર તરીકે ઓળખવામાં આવે છે ?
(અ) કાનપુર (બ) ફૈઝાબાદ
(ક) મેરઠ (ડ) લખનૌ

૧૧ કઈ નદી 'પશ્ચિમ બંગાળની પીડા' તરીકે ઓળખાય છે ?
(અ) દામોદર નદી (બ) આદી નદી
(ક) બાલ્સન નદી (ડ) બાલેશ્વર નદી

૧૨ ખજુહાહો પ્રવાસધામ કયાં આવેલ છે ?
(અ) રાજસ્થાન (બ) મધ્યપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) કર્ણાટક

૧૩ કોણાર્કનું પ્રસિદ્ધ મંદિર કયા રાજયમાં આવેલ છે?
(અ) આંધ્ર (બ) કેરાલા
(ક) કર્ણાટક (ડ) ઉડીશા

૧૪ કયુ નગર તહેવારોનું નગર કહેવાય છે?
(અ) મદુરાઈ (બ) મૈસુર
(ક) જયપુર (ડ) પુરી

૧૫ પંડિત નહેરુનું જન્મ સ્થળ 'આનંદ ભવન' કયાં આવેલું છે ?
(અ) અમેઠી (બ) અલ્હાબાદ
(ક) લખનૌ (ડ) કાનપુર

ખજાનો

અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧ લી એપ્રિલ : એપ્રિલ ફૂલ ડે / વાયુ સેના દિવસ
- પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીનો જન્મદિવસ (૧૯૩૭)
- સ્ટીવ જોબ, સ્ટીવ વોઝનીક અને રોનાલ્ડ વાનીને એપલ કમ્પ્યુટર કંપની શરૂ કરી (૧૯૭૬)
- બીજા વિશ્વ યુદ્ધમાં અમેરિકાની લશ્કરી ટુકડીએ જાપાનના ઓકીનાવા ટાપુ પર ઊતરી (૧૯૪૫)
- યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) દ્વારા રોટલ એરફોર્સ બનાવવામાં આવ્યું (૧૯૪૮)
- ૨ એપ્રિલ :
- પોપ જહોન પોલ બીજાનું અવસાન (૨૦૦૫)
- અમેરિકાના જહોન ગોટ્ને ઓર્ગેનાઈઝેશન ક્રાઈમ માટે આજીવન કેદની સજા થઈ (૧૯૯૨)
- અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સને કોંગ્રેસને જર્મની અને યુદ્ધ કરવા જણાવ્યું (૧૯૧૭)
- મશહુર જર્મન શિલ્પ કલાકાર અને ચિત્રકાર મેક્ષ અર્નેસ્ટનો જન્મ (૧૮૯૧)
- ૩ એપ્રિલ :
- મશહુર અમેરિકન એન્જીનીયર ફઝલુર આર.ખાનનો જન્મ (૧૯૨૯)
- જનરલ માણેકશાનો જન્મદિવસ (૧૯૧૩)
- વેસ્ટ જર્મનીના ચાન્સેલર તરીકે જેમણે સેવા આપેલ તે હેલમુન્ટ ખોલનો જન્મદિવસ (૧૯૩૦)
- કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ સોવિયેટ યુનિયનના જનરલ સેક્રેટરી તરીકે જોસેફ સ્ટીલન નિયુક્ત થયા.
- ૦૪ એપ્રિલ :
- ફ્રેન્ચ લેખિકા માર્ગારેટ ડુરાસનો જન્મદિવસ (૧૯૧૪)
- અનગોલન ગર્વમેન્ટ અને ઉનિતા વચ્ચે ૨૭ વર્ષની લડાઈ બાદ સીઝ ફાયર એગ્રીમેન્ટ થયા (૨૦૦૨)
- બીલ ગેટ અને પૌલ એલને માઈક્રોસોફ્ટ કંપની શરૂકરી (૧૯ ૭૫)
- હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકાર સચ્ચિદાનંદ અજ્ઞેયજીનું નિધન (૧૯૮૭)
- ૦૫ એપ્રિલ : નેશનલ મેરીટાઈમ દિવસ
- ભારતીય આશાસ્પદ અભિનેત્રી દિવ્યા ભારતીનું નિધન (૧૯૯૩)
- ચીલી અને સ્પેઈન વચ્ચે થયેલ યુદ્ધ - બેટલ ઓફ મેઈપુમાં ચીલીનો વિજય થયો (૧૮૧૮)
- સાધુ ચરિત માનસ ચાર્લ્સ ફીઅર એન્ડ્રુઝનું નિધન (૧૯૪૦)
- પૂર્વ અમેરિકન જનરલ અને સ્ટેટમેન કોલીન પોવેલનો જન્મદિવસ (૧૯૩૭)
- ૬ એપ્રિલ :
- સાહિત્યકાર પન્નાલાલ પટેલનું નિધન (૧૯૮૯)
- ઈટાલીયન પેન્ટર અને આર્કીટેક રાફીએલનો જન્મદિવસ (૧૯૮૩)
- ઈટલીના લા-એક્યુલા શહેરમાં ધરતીકંપ આવતા ૩૦૦ લોકોના મોત થયા (૨૦૦૯)
- રશિયન બોર્ન અમેરિકન લેખક અને બાયોકેમીસ્ટ ઈસાક એસીમોવનું ૭૨ વર્ષની વયે અવસાન (૧૯૯૨)
- ૭ માર્ચ :
- ૨૩ વર્ષની વયે અમેરિકન ગ્લોફ ખેલાડી જેક નિકલસે માસ્ટર ટુર્નામેન્ટમાં જીત મેળવી (૧૯૬૩)
- ભારતીય સંગીતકાર રવિ શંકરનો જન્મદિવસ (૧૯૨૦)
- સાહિત્યકાર આનંદ શંકર ધ્રુવનું નિધન (૧૯૪૨)
- ફોર્ડ મોટર કંપનીના સ્થાપક હેન્રી ફોર્ડનું ૮૩ વર્ષની વયે નિધન (૧૯૪૭)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ થઈ ?
જવાબ : પુષ્કરસિંહ ધામી

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) રુચિત પટેલ : રાંદેસણ (૪) વિપુલ પટેલ : સે-૬ (૫) જીતેન્દ્ર ધરવાડિયા : સે-૩૦ (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૭) હાર્દિક મકવાણા : સે-૨૪ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બી

આ સપ્તાહનો સવાલ

પંજાબમાં આપના કયા નેતા મુખ્યમંત્રી બન્યા ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

આજ પહેલી તારીખ હૈ!!

'ખુશ હૈ જમાના આજ પહેલી તારીખ હૈ... પહેલી તારીખ હૈ....'

કિશોરકુમારે ગાયેલું અને એક સમયનું નોકરિયાતોનું 'થીમ સોંગ' કે 'સેલરી સોંગ' જેવું મશહૂર આ ગીત અચાનક યાદ આવવાનું કારણ આજે પહેલી તારીખ છે ! વર્ષો પહેલાં પગારદારો - નોકરિયાતોને પહેલી તારીખે હાથમાં 'કેશ' રોકડો પગાર આવતો. જેટલો હોય એટલો પણ રોકડા રૂપિયા હાથમાં પગારદારના ચહેરા ઉપર ખુશી છલકી ઊઠતી... એ રુપિયાનું શું શું કરવું કે શું શું વહીવટ થઈ જશે એના 'થોડી ખુશી, થોડા ગમ....' જેવા વિચારોમાં પગારદારો ઘરે પહોંચી જતા. આજે હવે જો કે ચિત્ર બદલાયું છે. હવે સરકારી કર્મચારીઓ, કોર્પોરેટ ઓફિસીસના ઈમ્પ્લોઈઝને પહેલી તારીખે પગાર રોકડા નથી ચૂકવાયા પણ 'ડિઝિટલ' પેમન્ટ થાય છે. નાણાં સીધાં એમનાં બેંક અકાઉન્ટમાં જમા થઈ જતા હોય છે. તેથી હવે પેલો હાથમાં 'કેશ' આવ્યોનો રામાંચ - હર્ષ પહેલાં જેવો નથી રહ્યો ! તો કામદારો - ગુમાસ્તા - નોકરો - કામવળા જેવા અસંગઠિત કર્મચારીઓને પગાર 'રોકડ' માં મળે પણ પહેલી જ તારીખે જ મળે એવું નહીં, એકથી દસ તારીખમાં ય ચૂકવાય.... તેથી જ 'ખુશ હૈ જમાના આજ પહેલી તારીખ હૈ....' ગીતનો ચાર્મ ઓસરી ગોય છે!!

આ ગીત સાથે, આજે પહેલી એપ્રિલ હોવાથી યાદ આવે છે બીજું એક 'બોલીવુડ' સોંગ : એપ્રિલ ફૂલ બનાયા ... તો ઉનકો ગુસ્સા આયા...'

આજે પહેલી એપ્રિલે તમે કોઈને ઘરમાં, પાડોશમાં કે ફ્રેન્ડ સર્કલમાં 'એપ્રિલ ફૂલ' બનાવ્યા કે નહીં ? કોઈની મજાક કરવાનો પ્લાન કર્યો છે કે નહીં ?

પેલા ગીતમાં 'એપ્રિલ ફૂલ બનાયા તો ગુસ્સા આયા' એવું ભલે ગવાયું - કહેવાયું હોય પણ જો કોઈએ કોઈને નિર્દોષ મજાક કરીને - નિર્દોષ પ્રેક્ટિકલ જોક કરીને - 'એપ્રિલ ફૂલ' બનાવ્યા હોય તો એ ગુસ્સે થવાના નહીં, મોટેથી હસી પડીને વાતાવરણને હળવું બનાવવાનો અને મજાક કરનારને એની મહેનત - એનો આઈડિયા લેખે લાગ્યાના સંતોષનો અહેસાસ કરાવવાનો પ્રસંગ બનાવવો જોઈએ એમ અમે તો માનીએ છીએ...



હળવે હૈયે

પ્રકાશ લાલા

ફર્સ્ટ એપ્રિલને 'એપ્રિલ ફૂલ ડે' તરીકે ઊજવવાની પ્રથા સદીઓ જૂની છે. ૧૭૦૦ની સાલથી વિશ્વના ઘણા બધા દેશોમાં 'એપ્રિલ ફૂલ ડે' મનાવાય છે... આ પ્રથા કેમ શરૂ થઈ એની માહિતી 'ગુગલ બાબા' પાસેય નથી એટલે એની પણોજણમાં પડ્યા વિના ગમે તો એ ઊજવીએ... ભાઈ, આપણે 'મમ મમ' થી કામ છે કે 'ટપટપ' થી, હૈ ?

હવે કદાચ 'એપ્રિલ ફૂલ ડે' ય પહેલાં જેવી મજા લોકો નથી લેતા. છતાંય કેટલાંક બાળકો - યુવાનો આજના દિવસે - નાની-મોટી મસ્તી - તોપાનભરી ટ્રીક અજમાવી બીજાને 'ફૂલ' બનાવ્યાનો આનંદ લૂંટતા હોય છે ખરાં.

એમ તો અખબારો પણ પહેલી એપ્રિલે પહેલા કે છેલ્લા પાને લોકોને ચમકાવે - ચોંકાવે - ખુશ કરી દે તેવા 'ફેક' ન્યૂઝનું બોક્સ છાપીને 'એપ્રિલ ફૂલ્સ' બનાવ્યાં હોય છે... જો કે હવે 'એપ્રિલ ફૂલ ડે'ની રાહ ન કરીને હસાવી નથી શકતા એટલે બે-ચાર 'જોક્સ' શેર કરીને વાતાવરણ હળવું કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

ઉંમર થાય એટલે ભૂલકણાપણું આવતું હોય છે. ત્રણ વયસ્ક બહેનો વાતો કરતી હતી.. એકે કહ્યું : ઘણીવાર હાથમાં દૂધની તપેલી સાથે ફ્રીજ સામે ઊભી રહું છું પણ યાદ નથી આવતું કે દૂધ ચા બનાવવા બહાર કાઢ્યું હતું કે તપેલી ફ્રીજમાં મૂકવા અહીં ઊભી છું.

બીજી બહેને ય કહ્યું : 'મારે ય હવે એવું થાય છે. ઘરમાં નીચે સીડી પાસે ઊભી રહી હોઉં' ત્યારે યાદ કરવું પડે છે કે ઉપર જવા ઊભી છું કે ઉતરીને નીચે આવું છું....'

ત્રીજા બહેન બોલ્યા : 'ભલે મારી ઉંમર થઈ ગઈ પણ મારે તમારી બંને જેવો ભૂલી જવાનો પ્રોબ્લેમ નથી, હોં... ' ને પછી ટેબલ ઉપર આંગળાથી ટપટપ કરવા લાગ્યા.... પછી તરત બોલ્યા : 'કોઈ બારણું ખખડાવે છે, નહીં ? રહો, હું ખોલું છું!!'

●●●

વયસ્ક પુરુષે પોતાની ઉંમરવાન પત્નીને કહ્યું : 'આજે ચા સાથે બટેટા પૌંઆ ખાવાનું મન થયું છે...'

પત્નીએ હોંસથી કહ્યું, 'એવું છે? હમણાં જ બનાવી લાવું...' થોડીવારે માજી ઉપમાની ડીશ લઈને આવ્યાં ને પતિ સામે મૂકી તો ડોસા બોલ્યા : 'અરે, ખરી છે તું ! મેં પુડલા ખાવા છે એમ કહેલું ને તું આ બનાવી લાવી ?'

●●●

યાદશક્તિ અંગેની ફરિયાદ લીને ત્રણ વૃદ્ધો ડૉકટર પાસે આવ્યા. ડૉકટરે એમનો મેમરી પાવર ટેસ્ટ કરવા એકને પૂછ્યું : 'બે વત્તા બે કેટલા થાય ?' એ વૃદ્ધે જવાબ આપ્યો : '૧૦૦' ડૉકટરે બીજાને પણ એ જ પ્રશ્ન પૂછ્યો : એણે વિચારીને જવાબ આપ્યો : 'ગુરુવાર'....

ડૉકટરે ત્રીજા વૃદ્ધને પણ એ જ સવાલ પૂછ્યો તો એણે કહ્યું : 'ચાર'. ડૉકટરે ખુશ થઈને પૂછ્યું : તમે કેવી ગણતરી કરી ?'

ત્રીજા વૃદ્ધે સમજાવ્યું : 'મેં ૧